આકાશવાણી, અમદાવાદ

28-01-2026 Midday: 2.30 TO 2.35 PM

Wednesday Regional News

## VAGHANI ON AJIT PAWAR DEMISE

કૅબિનેટ મંત્રી જિતુ વાઘાણીએ મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારના અવસાન અંગે દુઃખ વ્યક્ત કર્યું છે. ગાંધીનગરમાં પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે કહ્યું, મહારાષ્ટ્રમાં થયેલી વિમાન દુર્ઘટનામાં નાયબ મુખ્યમંત્રી અજિત પવારે જીવ ગુમાવ્યો તે ખુબ જ દુઃખદ ઘટના છે. રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં આ દુર્ઘટના અંગે દુઃખની લાગણી વ્યક્ત કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે, મહારાષ્ટ્રના બારામતીમાં એક વિમાન દુર્ઘટનામાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિત પવારનું અવસાન થયું છે. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા જણાવાયું કે, V.S.R. દ્વારા સંચાલિત લૅયરજેટ-45 વીટી-એસએસકે વિમાન બારામતી વિમાનમથક પર ઉતરતા વખતા દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. મંત્રાલયે વધુમાં જણાવ્યું કે, વિમાનમાં સવાર નાયબ મુખ્યમંત્રીની સાથે બે કર્મચારી અને વિમાનના બે કર્મચારી સભ્ય સહિત પાંચેય લોકોના મોત થયા છે.

. . . . . . . . . . . .

## DANG ACCIDENT

ડાંગના સાપુતારા ઘાટમાં સરહદ સુરક્ષા દળ – BSFના વાહનને અકસ્માત નડતાં ત્રણ જવાન ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. ઘાટમાં ઉપર જતી વખતે BSFની ટ્રક પલટી જતાં ઈજાગ્રસ્ત થયેલા ત્રણેય જવાનને સરકારી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. આ જવાન મહારાષ્ટ્રના નાસિકથી રાજસ્થાન જોધપુર સરહદ પર જઈ રહ્યા હતા, તેમ અમારાં પ્રતિનિધિ મુનિરા શેખ જણાવે છે.

. . . . . . . . . . . .

## BHAVNAGAR KHODIYAR JAYANTI

ભાવનગર નજીકના રાજપરા ગામમાં આવેલા ખોડિયાર મંદિરમાં આજે માતાજીની જયંતી નિમિત્તે ભવ્ય ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવ્યા હતા. મંદિરની બાજુમાં આવેલું જળાશય તાતણિયા ધરા તરીકે પ્રખ્યાત છે. તેના કારણે આ મંદિર તાતણિયા ધરા તરીકે પણ જાણીતું છે. આ મંદિરની આજુબાજુ કુદરતી સૌંદર્ય વચ્ચે ઘેરાયેલું રમણીય ધાર્મિક સ્થળ છે.

. . . . . . . . . . . .

## DANG SHALA SALAMATI SAPTAH

ડાંગની તાલુકા પ્રાથમિક શાળા આહવા ખાતેથી જિલ્લાકક્ષાના શાળા સલામતી સપ્તાહનો પ્રારંભ કરાયો.આ પ્રસંગે મામલતદાર જિલ્લા પ્રાથમિક અધિકારી,શાળાના આચાર્ય-એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં 108 ઈમરજન્સી ટીમ તેમજ ઈન્ડિયન રૅડક્રૉસ સોસાઈટી દ્વારા શાળામાં બનતી દુર્ઘટનાઓ સમયે બચાવ કામગીરી, પ્રાથમિક સારવાર, અગ્નિ સુરક્ષા અંગેની પ્રાયોગિક સમજ અપાઈ.

ઉલ્લેખનીય છે કે, આગામી 31 જાન્યુઆરી સુધી યોજાનારા આ સપ્તાહ અંતર્ગત ડાંગની તમામ સરકારી પ્રાથમિક શાળાઓમાં વિવિધ આપત્તિઓ સમયે પહેલા અને બાદમાં શું કરવું તે અંગે બાળકોને સમજ અપાશે.

. . . . . . . . . . . .

## TAPI ACCIDENT

તાપીમાં એકસાથે ત્રણ વાહન વચ્ચે ટક્કર થતા 10થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ નિરવ કંસારા જણાવે છે, વાલોડ તાલુકાના બાજીપુરા બાયપાસ માર્ગ પાસે એક ટ્રકચાલકે સ્ટિયરીંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક પલટી ગયો હતો. એક બાઈકચાલક પણ આ ટ્રક સાથે અથડાતા પાછળથી આવતી લક્ઝરી બસના ચાલકે પણ કાબૂ ગુમાવ્યો અને બસ પલટી ગઈ.

સદનસીબે આ અકસ્માતમાં તમામ લોકોને બચાવ થયો છે. હાલમાં તમામ ઈજાગ્રસ્તને સારવાર અર્થે હૉસ્પિટલમાં ખસેડાયા છે.

. . . . . . . . . . . .

## SHAKTIPITH PARIKRAMA MAHOTSAV

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં 30 જાન્યુઆરીથી પહેલી ફેબ્રુઆરી સુધી શ્રી 51 શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ યોજાશે. તેને લઈ મહેસાણા જિલ્લા વહીવટી વિભાગ દ્વારા માઈભક્તો માટે 180 બસની વ્યવસ્થા કરવામાં આવી છે. માઈભક્તો નિઃશુલ્ક આ બસમાં અંબાજી જઈ શકશે. દરરોજ 60 બસ અંબાજી પહોંચશે.

. . . . . . . . . . . .

## AMDAVAD BAHUMAN

અમદાવાદ મધ્યસ્થ જેલમાં 'વિકાસદીપ' યોજના અંતર્ગત બંદીવાનોના તેજસ્વી સંતાનોનું બહુમાન કરાયું. એક બંદીવાનનો પુત્ર લોકરક્ષક અને બીજા બંદીવાનનો પુત્ર જુનિયર ક્લર્ક તરીકે ઉત્તીર્ણ થતાં બંનેને 15 હજાર એક રૂપિયાનું રોકડ પુરસ્કાર, સ્મૃતિચિહ્ન અને પ્રશંસાપત્રથી સન્માનિત કરાયા. રાજ્યના ઈન્ચાર્જ DGP ડૉક્ટર કે. એલ. એન. રાવે બંને ઉમેદવારનું સન્માન કર્યું હતું.

. . . . . . . . . . . .

## JAMNAGAR CISF

જામનગરના વતની વિશાલ લોખિલ કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ – CISFની તાલીમ પૂર્ણ કરીને પરત આવતાં તેમનું ઉમળકાભેર સ્વાગત કરાયું. જામનગર તાલુકાના મોટા થાવરીયા ગામના વતની વિશાલ લોખિલ ઘરે પહોંચતા તેમના પરિવાર સહિત સમગ્ર ગ્રામજનોએ તેમને ભવ્ય આવકાર આપ્યો.

. . . . . . . . . . . .

## MSN WINTER FEST

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા જનજીવન, કળા અને કૌશલ્યનો અનોખો સંગમ એવા વિન્ટર ફેસ્ટિવલનું પહેલી વાર આયોજન કરાશે. સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે આગામી 30 જાન્યુઆરીથી શરૂ થનારા આ ત્રણ દિવસના મહોત્સવમાં વિવિધ કાર્યક્રમ યોજાશે. જ્યારે 31મીએ દિવસભર ત્રણ હજાર જેટલા સાઈકલચાલક દ્વારા સ્વચ્છતા અને ફિટ ઇન્ડિયાના સંદેશ સાથે સાયકલ રેલીનું આયોજન તેમજ 700 લોકો દ્વારા યોગ પણ કરાશે.

સ્ટેડિયમમાં આ મહોત્સવ માટે 48 જેટલા માંડવા તૈયાર કરાશે. તેમાં ગુજરાત અને રાજસ્થાનના જયપુરના કલાકારો સાંસ્કૃતિક વારસાની પ્રસ્તુતિ કરશે. તેમજ મહેસાણા પર આધારિત લઘુ ફિલ્મની રજૂઆત પણ કરાશે.

. . . . . . . . . . . .